મલ્ટી સ્ટેજ સાયકલિંગ રેસ 'હિન્દયાન'ના સાયકલિસ્ટ ગાંધીનગર પહોંચ્યા

સૌપ્રથમવાર દિલ્હીથી પૂણે સુધીની મલ્ટી સ્ટેજ સાયકલિંગ રેસ 'હિન્દયાન' યોજાઇ છે : સાઇકલિંગ ટીમમાં આઠ સભ્યો જે આર્મી અને નૌકાદળના જવાનો

ગાંધીનગર, તા.૧૨

હાલમાં ભારતમાં લાંબા અંતરની સાયકલિંગ રેસ યોજાતી નથી, તેથી મોટાભાગની ઓલિમ્પિક ટીમના સભ્યો, રાષ્ટ્રીય સાયકલિંગ ટીમ, સશસ્ત્ર દળોના એકમો અને રાજ્ય પોલીસ વિભાગની પાંખોના સાયકલિસ્ટોએ તે માટે માટે યુએસ, યુકે અને ફ્રાન્સ જવું પડે છે. ભારતમાં પણ લાંબા અંતરની સાયકલિંગ રેસ માટે મલ્ટી સ્ટેજ સાયકલિંગ રેસ થઇ શકે તે માટે અને તે સાથે સાયકલિંગની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા આઉટડોર પ્રેક્ટિસ કરવા માટે સૌપ્રથમવાર દિલ્હીથી પૂણે સુધીની મલ્ટી સ્ટેજ સાયકલિંગ રેસ 'હિન્દયાન'નું આયોજન થયું છે, જેના સાયકલિસ્ટો આજે ગાંધીનગર આવી પંહોચ્યા હતા. 'આત્મનિર્ભર ભારત' અંતર્ગત આયોજિત આ સાયકલિંગ રેસનો પ્રારંભ દિલ્હીના નેશનલ વોર મેમોરિયલ ખાતેથી તા.૧૨મી ફેબ્રુઆરીએ કરાયો હતો તેવું જણાવતાં આ રેસના પ્રણેતા વિષ્ણુદાસ ચાપકએ જણાવ્યું હતું કે "સાઇકલિંગ ટીમમાં આઠ સભ્યો જોડાયાં છે જેઓ ભારતીય સેના અને ભારતીય નૌકાદળના જવાનો છે. આ તમામ સાઇકલિસ્ટ ભાવિ રાષ્ટ્રીય અને ઓલિમ્પિક સાઇકલિસ્ટ ખેલાડી છે તેઓ તા.૧૯મી ફેબ્રુઆરીએ પૂણે પંહોચશે." અત્રે ઉલ્લેખનીય છે કે વિષ્ણુદાસ ચાપકેએ તેઓ સાયકલ પર પાંચ ખંડના ૩૫ દેશોમાંથી પસાર થતાં સમગ્ર પૃથ્વીનું ચક્કર કાપનાર પ્રથમ ભારતીય સાયકલિસ્ટ હોવાનો દાવો કર્યો હતો.

સેક્ટર-૨૨માં પાઈપલાઈનમાં ભંગાણ : કાદવ-કીચડનું સામ્રાજ્ય

સેક્ટર-૨૨માં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થવાથી લોકોના ઘરની આગળ કાદવ-કીચડ છવાયો : જવાબદારતંત્ર દ્વારા કોઈ નિવેડો લાવવામાં આવી રહ્યો નથી : રહેણાંકોની ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૨

શહેરમાં વારંવાર પીવાના પાણીની લાઈનો તુટવાની ઘટનાઓ પ્રકાશિત થઈ રહી છે. તાજેતરમાં સેક્ટર-૨૨માં પ્લોટ નંબર ૩૩૫-૩૫૯ વિસ્તારમાં પાણીની લાઈનમાં ભંગાણ પડવાથી કાદવકીચડ જેવો માહોલ બન્યો છે. જેમાં રહેવાસીઓ માટે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. વાહનચાલકોનું અહીંયાથી પસાર થવું મુશ્કેલરૂપ બન્યું છે.

અહીંયા રહેતા લોકોના જણાવ્યા મુજબ જવાબદારતંત્રને વારંવાર ફોન કર્યા છતાં તેઓની સમસ્યાનું કોઈ નિરાકરણ લાવવામાં આવી રહ્યું નથી. કોઈ ફરિયાદને સાંભળવા તૈયાર નથી તેથી લોકો રોષે ભરાયા છે અને તાત્કાલિક આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. શહેરમાં ચોમાસા અગાઉથી ઠેક ઠેકાણે પાઈપલાઈનોના ખોદકામ ચાલી રહ્યા છે. જેમાં રહેવાસીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં ક્યાંક પાણીની પાઈપલાઈનોમાં ભંગાણ તો ક્યાંક ગેસની લાઈનમાં લિકેજ એમ ખોદકામ દરમિયાન મહામુસીબતો ઉભી થઈ રહી છે. તાજેતરમાં સેક્ટર-૨૨ની વાત કરીએ તો લોકોના ઘરની સામે જ ખોદકામ દરમિયાન પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતા અઢળક પાણી પ્રસરી ગયું છે. જેના કારણે લોકોના ઘરની પાસે કાદવ કીચડનું સામ્રાજ્ય ઉભું થયું છે અને ચોમાસા દરમિયાન વરસાદનું પાણી ભરાઈ રહે તેવી પરિસ્થિતિ આ ઋતુમાં જોવા મળી રહી છે. શહેરમાં ખોદકામોએ તો શહેરીજનોને અવારનવાર મુશ્કેલીમાં નાંખ્યા છે. જ્યાં ખોદકામ થાય ત્યાં નાની-મોટી સમસ્યાઓ પ્રકાશિત અવશ્ય થાય જ છે. જેમાં જાવબદારતંત્રને ફરિયાદો કરવા જતાં લોકોની ફરિયાદ સાંભળવામાં આવી રહી નથી. તો લોકોને હવે ફરિયાદ કરવા ક્યાં જવું તે પ્રશ્ન ઉઠ્યો છે. જો તંત્ર જ પ્રજાના પ્રશ્નો નહીં ઉકેલી શકે તો પ્રજા કોની પાસે તેમના આ પ્રશ્નો લઈને જશે ? લોકોને કાદવ કીચડમાંથી પસાર થવાનો વારો આવ્યો છે. આ સમસ્યાનો નિવેડો લાવવાની ઉગ્ર માંગ થવા પામી છે.

ગાંધીનગરના બ્રેઈનડેડ યુવાનના અંગોનું દાન કરાયું : અંગદાનથી પાંચ લોકોને નવજીવન

બ્રેઈનડેડ યુવાનના હૃદય, ફેફસા, કિડની, લીવરનું દાન, પત્નીએ તુરંત જ અંગદાન માટે સહમતી આપી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના મૃગેશભાઈ શર્માને માથાના ભાગે ગંભીર ઈજા થતા અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અહીં ૪૮ કલાકની સારવાર અને તબીબોના અથાગ પ્રયત્નો બાદ પણ પ્રભુને ગમ્યુ તે જ થયું. શનિવારે રાત્રે તબીબો દ્વારા મૃગેશભાઈને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. જેની બીજી ક્ષણે પત્નીએ મૃગેશભાઈના હૃદય, ફેફસા, બે કિડની અને લીવરનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. આ ક્ષણે તેમના બનેવી ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી હોસ્પિટલમાં હાજર હતા. તબીબોએ તેમને અંગદાન અંગેની સમજ આપી ત્યારબાદ તેમણે મૃગેશભાઈના ધર્મપત્ની નેહલબેન શર્માને તરત ફોન કર્યો અને કહ્યું આપણા મૃગેશભાઈ બ્રેઈનડેડ થયા છે. અને ડૉક્ટર અંગદાનનું કહે છે. નેહલબેને ક્ષણનો પણ વિલંબ કર્યા વિના બીજા જ સેકન્ડે કહ્યું અંગદાન કરવું છે બધા જ અંગોનું દાન કરવું છે. સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૦૨ અંગદાન થયા છે. પરંતુ બ્રેઈડેડ

મૃગેશભાઈ શર્માના પત્નીએ અંગદાન માટે આપેલી સંમતિ ઐતિહાસિક છે. સામાન્યપણે તબીબો દ્વારા પરિવાજનોને અંગદાન માટે સમજાવવામાં આવે ત્યારે સંમતિ માટે સમય લાગતો હોય છે.

પરંતુ અંગદાનની જાગૃકતા અને અન્ય વ્યક્તિઓને મદદરૂપ થવાની ભાવનાના પરિણામે અંગદાન માટેની જાણ થતા બીજી જ સેકન્ડે નેહલબેને અંગદાનનો નિર્ણય કર્યો.વધુમાં તેમણે એમ પણ કહ્યું કે, મૃગેશભાઈનો દેહ મળવામાં સમય લાગશે તો ચાલશે પરંતુ તેમના શરીરના તમામ અંગોનું દાન મેળવીને અન્ય જરૂરિયાતમંદને મદદરૂપ બની શકાય તેવા તમામ પ્રયત્નો કરશો. અંગદાન કરીને અન્યોને મદદરૂપ થવા માટે નેહલબેનની આ લાગણી સમાજના અનેક લોકોને અંગદાન માટેની પ્રેરણા આપે છે.

સિવિલ હોસ્પિટલમાં થયેલ ૧૦૨માં અંગદાનની વિગતો એવી છે કે ગાંધીનગરમાં રહેતા ૩૯ વર્ષના મૃગેશભાઈને માર્ગ અકસ્માત થવાથી સઘન સારવાર અર્થે ૯મી ફેબ્રુઆરીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૪૮ કલાકની અથાગ મહેનત બાદ ૧૧મી તારીખે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. પત્નિ નેહલબેને અંગદાન માટેની સંમતિ આપ્યા બાદ તેમને રીટ્રાઈવલ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા.

જ્યાં ૮ થી ૧૦ કલાકની ભારે જહેમત બાદ હૃદય, ફેફસા, બે કિડની અને લીવરનું દાન મેળવવામાં સફળતા મળી છે. જેમાં હૃદયને દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં દાખલ ૩૨ વર્ષના પુરૂષ દર્દી જ્યારે ફેફસાને મુંબઈની રીલાયન્સ હોસ્પિટલમાં દાખલ ૫૬ વર્ષના મહિલા દર્દીમાં, લીવરને અમદાવાદની ઝાયડ્સ અને કિડનીને અમદાવાદ સિવિલ મેડિસીટીના કિડની ઈન્સ્ટીટ્યુટમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ કરાયું છે.

તમિલ વિદ્યાલયમાં તામિલનાડુના સંત તિરુવલ્લુવરની પ્રતિમાનું અનાવરણ

અમારી સરકાર અમદાવાદ તમિલ સંગમના આ શાળાના બિલ્ડિંગ બનાવવાના પ્રયત્નોને પૂરતો સાથ આપશેઃ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા



ગાંધીનગર, તા. ૧૨

અમદાવાદના તમિલ સંગમ દ્વારા મણિનગરમાં શ્રી ક્રિષ્ના તમિલ વિદ્યાલયમાં સ્થપાયેલી તમિલનાડુના તિરુક્કુરલના લેખક સંત તિરુવલ્લુરની પ્રતિમાનું અનાવરણ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આ પ્રસંગે કહ્યું કે, મણિનગર વિસ્તારમાં તમિલ લોકોનો ખૂબ મોટો વર્ગ રહે છે. આ વિસ્તારમાં આવેલી શ્રી ક્રિષ્ના તમિલ શાળાના આ બિલ્ડિંગના નવીનીકરણમાં રાજ્ય સરકાર પૂરતો સહયોગ અમદાવાદ તમિલ સંગમને આપશે.

આ પ્રસંગે તમિલનાડુના ઉદ્યોગ વિભાગ, તમિલ ઓફિશિયલ લેન્ગવેજ, તમિલ સંસ્કૃતિ અને પુરાતત્ત્વ વિભાગના મંત્રી શ્રી થંગમ તેન્નારાસુ અને વીજીપી વર્લ્ડ તમિલ સંગમના અધ્યક્ષ વીજીપી સંતોસમ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમના હસ્તે અમદાવાદમાં તમિલ પ્રભુત્વ ધરાવતા મણિનગરમાં શ્રી ક્રિષ્ના તમિલ શાળાની ઈમારતનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ તમિલ સંગમના અધ્યક્ષ ડોક્ટર એસ. કવીદાસે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તમિલ શાળાની આ ગ્રીન બિલ્ડિંગમાં ડિજિટલ લાઈબ્રેરી, સાયન્સ અને લેન્ગવેજ લેબ્સ, ઓડિટોરિયમ અને સપોર્ટ ફેસિલિટી હશે. ભારતના કોઈપણ ભાગનાં બાળકો અહીં શિક્ષણ મેળવી શકશે.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર એમ થેનારસન, સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, શ્રી હસમુખભાઈ પટેલ, તમિલનાડુના લઘુમતી અને એનઆરઆઈ તમિલોના કલ્યાણ મંત્રી કે.એસ. મસ્તાન, પુડુચેરીના ગૃહમંત્રી એ નમસ્વયમ, પુડુચેરીના સિવિલ સપ્લાય અને કન્ઝ્યુમર અફેર્સ મિનિસ્ટર એકે એસએઆઈજે સરવણકુમાર, ગુજરાત અને તમિલનાડુના સાંસદશ્રીઓ, ગુજરાત કેડરના તમિલ આઈએએસ, આઈઆરએસ અને આઈપીએસ અધિકારીઓ, ગુજરાત અને તમિલનાડુના અગ્રણી શિક્ષણવિદો અને ઉદ્યોગપતિઓ તથા શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રામનગર ગામના લોકો જીવના જોખમે નદી પાર કરવા મજબૂર

બ્રિજ માટે ગ્રાન્ટ મંજૂર પણ કામ શૂન્ય : આ ગામના લોકોની મુશ્કેલીનું એક માત્ર સમાધાન બ્રિજ છે, જોકે, આ બ્રિજ હવે ક્યારે બને છે તે હવે જોવું રહ્યુ

મહેસાણા,તા.૧૨

મહેસાણાના રામનગર ગામના લોકો અને વિધાર્થીઓ જીવના જોખમે નદી પાર કરવા મજબૂર છે. રામનગરથી મોટીદાઉ ગામ તરફ જતા રસ્તે રૂપેણ નદીનો પટ આવે છે અને આ નદીમાં બારેમાસ સુજલામ સુફલામ યોજના અંતર્ગત પાણી છોડવામાં આવે છે. ત્યારે બ્રિજ કે કોઈ બીજો રસ્તો નહીં હોવાને કારણે આ ગામના લોકો અને બાળકોને ફરજિયાત નદીના પાણીના પ્રવાહમાં ઉતરીને સામે કાંઠે જવું પડે છે. આ ગામની વર્ષોથી માંગણી છે કે રૂપેણ નદીના આ પટ ઉપર બ્રિજ બનાવવામાં આવે અને બહુચરાજીના પૂર્વ ધારાસભ્ય રજની પટેલની ગ્રાન્ટમાંથી બ્રિજ પણ મંજૂર કરવામાં આવ્યો હતો. પણ કોઈક કારણોસર બ્રિજનું કામ શરૂ નહીં થતા આજે પણ લોકો નદીના પ્રવાહમાં ઉતરવા મજબુર છે.

મહેસાણા તાલુકાનું મોટીદાઉ ગામ પરા વિસ્તારમાં વહેચાયેલું છે. આ ગામમાં સાતથી વધુ પરા વિસ્તાર છે. આ પૈકીનું એક પરું એટલે રામનગર ગામ. આ ગામ ૬૦૦ લોકોની વસ્તી ધરાવે છે અને ગામના મોટા ભાગના વ્યવહાર મોટી દાઉ ગામ સાથે જોડાયેલા છે. એ પછી બાળકોના અભ્યાસની વાત હોય કે જીવન જરૂરિયાત માટે કોઈ સાધન સામગ્રીની વાત હોય. આ ગામના લોકોએ અને બાળકોએ અભ્યાસ માટે રોજ મોટી દાઉ ગામ જવું પડે છે. તો મોટેરાઓએ ખેતીકામ માટે કે અન્ય કોઈ કારણસોર મોટીદાઉ ગામ જવું પડે છે. પણ આ ગામમાંથી મોટી દાઉ ગામ તરફ જતા રસ્તે વચ્ચે રૂપેણ નદીનો પટ આવે છે અને સુજલામ સુફલામ યોજનાને કારણે આ નદી બારે માસ જીવંત રહે છે. આ કારણે રામનગરના બાળકોએ રોજ આ નદીમાં ઉતરીને બીજા કાંઠે જવું પડે છે. ક્યારેક પાણી વધુ છોડવામાં આવે તો નદીમાં પાણીનો પ્રવાહ ખૂબ જ વધી જાય છે. તેવા સંજોગોમાં પણ બાળકોએ જીવના જોખમે પણ નદીમાં ઉતરવું પડે છે. તો ગામની મહિલાઓ અને અન્ય લોકોએ સામે કાંઠે આવેલા ખેતર અને ખુમાપુરા ગામ જવા માટે ફરજિયાત નદીમાં ઉતરવું પડે છે.

રામનગર ગામના નાગરિકો દ્વારા આ નદી ઉપર બ્રિજ બનાવવા અનેક વખત રજૂઆત કરવામાં આવી છે અને આ રજૂઆતને પગલે ભૂતકાળમાં રજનીભાઈ પટેલ જ્યારે બહુચરાજીના ધારાસભ્ય હતા તે વખતે નદી ઉપર બ્રિજ બનાવવાના કામને મંજૂરી પણ આપવામાં આવી હતી. આ કામ માટે તે વખતે જોબ નંબર પણ આપી દેવાયો હતો. પણ જોબ નંબર ફાળવ્યા બાદ કોઈ કારણોસર બ્રિજનું કામ જ શરૂ થયું ન હતું. તો તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પણ પ્રચાર માટે આવેલા ભાજપના ધારાસભ્ય સુખાજી ઠાકોર સમક્ષ આ મામલે ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. તે વખતે સુખાજી ઠાકોરે કોઈ પણ ભોગે આ બ્રિજ બનાવી આપવાની ખાતરી આપી હતી. જો કે, આ ખાતરીનું હવે ક્યારે પાલન થશે તેનો જવાબ તો હાલ કોઈની પાસે નથી. પણ બ્રિજ નહીં બનતા ગામના લોકો રોજ નદીમાં ઉતરવા મજબૂર છે.

સ્થાનિકોનું કહેવું છે કે, મોટીદાઉ ગામનો પ્રશ્ન મોટામાં મોટો છે, અમારે અનાજ દળાવા જવું હોય કે કોઈ વસ્તુ લેવા જવું હોય કે પછી પંચાયતમાં જવું હોય અમારે નદીમાંથી પસાર થઈને જવું પડે છે. નદી ઉપર બ્રિજ ન હોવાથી નદીમાં ઉતરીને જીવના જોખમે જવું પડે છે. ચોમાસામાં તો આ સમસ્યા વધુ વિકટ બને છે, કારણ કે ચોમાસામાં તો નદીમાં કેળસમાણું પાણી હોય છે.

મહેસાણા જિલ્લામાં આમ સામાન્ય રીતે મોટાભાગની નદીઓ માત્ર ચોમાસામાં જ જીવંત થાય છે. પણ આ ગામમાંથી પસાર થતી રૂપેણ નદી ખેડૂતોને સિંચાઈનો લાભ મળે તે માટે સુજલામ સુફલામ યોજના થકી બારેમાસ જીવંત રાખવામાં આવે છે. આ નદીમાં સમયાંતરે નર્મદાનું પાણી છોડવામાં આવે છે. જેને કારણે નદીમાં બારે માસ પાણીનો પ્રવાહ યથાવત રહે છે.ત્યારે આ ગામના લોકોની મુશ્કેલીનું એક માત્ર સમાધાન બ્રિજ છે. જોકે, આ બ્રિજ હવે ક્યારે બને છે તે હવે જોવું રહ્યું.

ધાનેરા પંથકમાં ઓરીના કેસ વધતાં આરોગ્ય તંત્રની ૧૫ ટીમો કામે લાગી

ધાનેરા તા.૧૨

ધાનેરા તાલુકા તેમજ શહેરી વિસ્તારમાં ઓરીના રોગમાં વધારો થતા અનેક બાળકો ઓરીના રોગથી પીડાઈ રહ્યા છે. જ્યારે આરોગ્ય વિભાગની ૧૫ ટીમો દ્વારા પણ ઓરીના રોગને ડામવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં ઓરીના રોગમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. અનેક બાળકો ઓરીના રોગથી પીડાઈ રહ્યા છે. ધાનેરાની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલોમાં પણ ઓરીના રોગના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

જેમાં ખાનગી હોસ્પિટલમાં ૩૦૦થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા પણ ઓરીના રોગને ડામવા માટેની તૈયારીઓ કરાઈ છે. જેમાં ૧૫ ટીમો દ્વારા ૧૧૪૮ વિટામિન 'એ ' ની ટેબલેટ આપવામાં આવી હતી. અત્યારે તો તંત્ર દ્વારા પણ આ રોગ પર અંકુશ લાવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં આરોગ્ય વિભાગે ૨૩૫૦ ઘરોમાં સર્વે હાથ ધર્યો હતો.

ડીસાના મોરથલ ગોળીયા ગામેથી ગાંધીનગર કોર્ટના પકડ વોરંટનો આરોપી પકડાયો

સ્પેશ્યલ ઓપરેશન ગૃપના જવાનોએ ડીસા તાલુકા પોલીસને સોપ્યો

મહેસાણા,તા.૧૨

સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (એસઓજી) પોલીસની ટીમે શનિવારે ડીસા તાલુકાના મોરથલ ગોળીયા ગામેથી ગાંધીનગર કોર્ટના પકડ વોરંટના આરોપીને દબોચી લઈ વધુ તપાસ માટે ડીસા તાલુકા પોલીસને સોપવામાં આવ્યો હતો. બનાસકાંઠા એસઓજી પોલીસના હેડ કોન્સ્ટેબલ આબાદખાન, પોલીસ કોન્સ્ટેબલ માવજીભાઈ, શૈલેષભાઈ અને પરષોત્તમભાઈ ડીસા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં. જે દરમિયાન ગાંધીનગરના પાંચમાં એડીશનલ જયુડિશિયલ ફર્સ્ટ કલાસ કોર્ટના જજ એન.જે.કોઠારીની કોર્ટના પકડ વોરંટ (સજા) ના આરોપી મુકેશભાઈ એન. માળી (રહે, ૭, સાનિધ્ય કોમ્પલેક્ષ, આખોલ ચાર રસ્તા, ડીસા અને હાલ રહે, મોરથલ ગોળીયા, તા. ડીસા) ઘણા સમયથી નાસતા ફરતા હતાં. આથી એસઓજી પોલીસે મોરથલ ગોળીયા ગામેથી મુકેશભાઈ માળીને ઝડપી પાડી વધુ તપાસ માટે તાલુકા પોલીસને સોપવામાં આવ્યો હતો.

મહીસાગરના ધનસુરામાં આવેલી પ્રાથમિક શાળામાં ઓરડાનો અભાવ

બાળકો એક વાલીના ઘરમાં ભણવા મજબૂર : પ્રાથમિક શાળામાં બાળકો ને અભ્યાસ પૂરતા ઓરડા ન હોવાના કારણે મુશ્કેલી પડી રહી છ, ૬ થી ૮ ધોરણ બાળકો ને એક જ વર્ગ મા અપાય છે

મહીસાગર,તા.૧૨

આજના આધુનિક યુગમાં માનવી ટેકનોલોજી થકી ચંદ્ર અને મંગળ પર વસવાટ કરવાની કલ્પના કરી રહ્યો છે ત્યારે આજના આધુનિક યુગમાં વિકાસ થકી માનવી આગળ વધી રહ્યો છે. ત્યારે આજે પણ ગુજરાતમાં એવી શાળા ઓ આવેલી છે જ્યાં બાળકો ને બેસવા માટે પુરતી છત પણ નથી બાળકો શાળામાં આવે છે શિક્ષણ લેવા પણ ત્યાં પૂરતા વર્ગોના અભાવે ૬ થી ૮ ના વર્ગો ભેગા બેસવા મજબુર બન્યા છે ત્યારે સરકાર વિકાસની મોટી મોટી વાતો કરી રહ્યું છે જે માત્ર કાગળ પર હોય તેવું દેખાઈ રહ્યું છે.

ત્યારે વાત કરીએ મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી ધનસુરા પ્રાથમિક શાળા જેમાં નથી શાળાનો દરવાજો કે નથી દીવાલ તેમજ ૧ થો ૮ ની શાળામાં માત્ર ત્રણ ઓરડા છે જેમાં ૧૫૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે પુરતો સ્ટાફ તો શાળા મા છે પણ ઓરડા ના અભાવે શીક્ષકો સહિત બાળકો ને પડી રહી છે તકલીફ સરકારી શાળાના આચાર્ય દ્વારા અવાર નવાર રજૂઆત કરવા છતા પણ નથી કોઈ સંભાળતું તેમની વાત જો કોઈ મંત્રીનો કાર્યક્રમ હોય તો તાત્કાલિક ધોરણે બને છે એસી બુમો તો દેશનું જે ભવિષ્ય છે તેમના માટે સરકાર પાસે પૂરતા ઓરડા ન હોવાના કારણે બાળકો ને પડી રહી છે શિક્ષણમાં મુશ્કેલી ચોમાસું ઉનાળુ બાળકો બહાર બેસી શિક્ષણ કાર્ય મેળવી રહ્યા છે.

ત્યારે તેમના માટે નથી બનતા પાકા ઓરડા શું આ છે ગુજરાતનું શિક્ષણ મોડલ તો આવી તો કેટલીય શાળા હશે જે ગુજરાતમાં આજ રીતે ચાલતી હશે શું આ બાળકો માટે બનશે નવા ઓરડા કે પછી આજ રીતે ચાલતું રહશે શિક્ષણ કાર્ય ત્યારે શિક્ષણ મંત્રીના મત વિસ્તારમાં જ બાળકો નુ શિક્ષણ કાર્ય કથળી રહ્યુ છે ત્યારે કયારે મળશે બાળકો ને નવી છત અને કયારે તેમને મળશે નવા ઓરડા તે એક મોટો પ્રશ્ન છે.